ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરીજનો પોસ્ટ કોવિડ ઈફેકટથી પરેશાન

## આ સમયે સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ સાથે પ્રોટીન યુકત આહાર લેવો જરુરી : ડો. સંદિપ કોન્ટ્રાકટર

ગાંધીનગર, તા.૭
શહેરમાં આજે ઘરે ઘરે કોરોના છે. નાનાથી લઈ મોટા તમામ કોરોનાના ઝપેટમાં આવી રહ્યા છે. તહેવારોની મોસમ બાદ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેટલું જ જલ્દી કોરોનાના દર્દી રીકવર થઈ રહ્યા છે ત્યારે કોરોનાથી રીકવર થયા બાદ એટલે કે પોસ્ટ કોવિડ બાદ ગણાને હાર્ટરેટ ઓછા થવા, બ્રીધીંગ પ્રોબ્લેમ, એન્ઝાઈટી કે ડિપ્રેશન સાથે માથુ દુઃખવાની તકલીફ રહેતી હોય છે. આ તમામ સીમટમ્સમાં અશકિત આવવી કે સ્ટ્રેસ રહેવા સાથે સૂકો કફ રહેવો એ કોમન સીમટમ્સ છે જેને લોંગ કોવિડ કહે છે. આ તમામ પોસ્ટ કોવિડ સિમટમ્સ માટે શહેરના તબીબ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે, આરામ, ખોરાકમાં પ્રોટીનનું પ્રમાણ, યોગ્ય પ્રમાણમાં કસરત ખાસ સૂર્ય નમસ્કાર તથા પોતાના રૂટિનમાં ભળી જવું તેજ પોસ્ટ કોવિડનો ઈલાજ છે.

પોસ્ટ કોવિડનો સમય એટલે કોરોના પોઝિટીવ રીપોર્ટ આવ્યા બાદ આઈસોલેશનના ૧૪ દિવસ પૂર્ણ થયા બાદનો સમય. કોવિડ દરમિયાન તો દરરોજની ડાયટ, ઓકિસજન લેવલ અને હાર્ટબીટ સાથે મેડીસીનનું સંપૂર્ણ ધ્યાન દર્દી જાતે રાખી શકે છે. ડોકટરના ગાઈડન્સ હેઠળ અથવા તો એડમિટ થયેલ દર્દીનું ધ્યાન ડોકટર અને ટીમ રાખે છે પરંતુ પોસ્ટકોવિડ સમયે દર્દીએ જાતે જ પોતાનું ધ્યાન રાખવાનું હોય છે ત્યારે શહેરના કોવિડ-૧૯ પોઝીટીવ આઈસોલેશન પૂર્ણ થઈ ગયું હોય તેવા દર્દીઓમાં ઘણાને પોસ્ટકોવિડ ઈફેકટ જોવા મળે છે. જેમાં જનરલી સ્ટ્રેસ, નબળાઈ, ડ્રાય કફ, માથાનો દુઃખાવો જેવી તકલીફ થતી હોવાની ફરિયાદ ગાંધીનગરના દર્દીઓની છે તેવું ડોકટર્સનું કહેવું છે.

પોસ્ટ કોવિડ વિશેની જાણકારી આપતા શહેરના એમ.ડી.ઈન મેડિસીન ડોકટર સંદિપ કોન્ટ્રાકટર જણાવે છે કે, પોસ્ટ કોવિડ બાદ શહેરના દર્દીઓને બ્રીધીંગ પ્રોબ્લેમ, સ્ટ્રેસ, વીકનેસ, ડ્રાય કફ, એન્ઝાઈટી કે ડિપ્રેશન સાથે માથુ દુઃખવું જેવી સમસ્યા થતી હોય છે જેમાં વીકનેસ કે ડ્રાયકફ થવો એ જનરલ છે. પોસ્ટ કોવિડના સમયગાળા બાદ દર્દીએ ખાસ ખોરાકમાં પ્રોટીનનું પ્રમાણ વધારવું, લીલા શાકભાજી અને સિઝનલ ફ્રૂટનું સેવન કરવું, કસરત કરવી ખાસ યોગા અને પ્રાણાયામને રોજીંદા જીવનમાં ઉમેરવી. સૂર્ય નમસ્કાર પણ કરી શકાય તે ઉત્તમ રહે છે. આ સમયગાળામાં રૂટિન કામકાજ ધીરે ધીરે શરૂ કરી દેવું અને પોઝિટીવ એટીટયુડ રાખવો જરુરી છે. ભૂખ ઓછી કે વત્તી હોઈ શકે પરંતુ દૂધ, ડ્રાયફ્રુટ, રોજીંદા ડાયટમાં ઉમેરવા. સ્ટીમ અને ગાર્ગલ્સ કરતા રહેવું જેના લીધે માથાનો દુઃખાવો ઓછો થતો જશે. અમુક દર્દીને પોસ્ટ કોરોનાની અસર લાંબી થાય છે જેને લોંગ કોવિડ કહેવાય છે પરંતુ ગભરાવવાની જરૂર નથી. પોઝિટીવ એટીટયુડ રાખશો અને જેટલા જલ્દી ડેઈલી રૂટીનમાં આવી જશો એમ વાંધો નહિ આવે.

આમ, કોરોના દરમિયાન અને કોરોના બાદ પણ શહેરના ડોકટર દ્વારા યોગ્ય તકેદારી રાખવાની સલાહ આપવામાં આવે છે જેથી કોવિડની લોંગ ટર્મ ઈફેકટથી બચી શકાય.




સ્ટેટ મોડલ આયુર્વેદીક કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોલવડા ખાતેના કોવિડ કેર સેન્ટર ખાતે ફાયર સેફટી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાયર સ્ટાફ દ્વારા હોસ્પિટલના મેડિકલ સ્ટાફને ફાયર સેફટી અંગે માહિતી તથા તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોવિડ કેર સેન્ટરના નોડલ ઓફિસર ડૉ. વિપુલ સોનેરી, અંજના નિમાવત, ડૉ. મહવીર નિમાવત તથા હોસ્પિટલ સ્ટાફ હાજર રહ્યા હતા.

# માસ્કના નામે નિર્દોષ પ્રજા પર દંડનો દંડો ઉગામતા પોલીસથી નાગરિકોમાં ફડક

## માસ્ક સરખું પહેરેલું હોવા છતાં ચ-રોડ પર નાસ્તાની લારી ચલાવતા શ્રમજીવી યુવક પાસેથી બળજબરી પૂર્વક દંડ ઉઘરાવાયો હોવાની રાવ : દંડની રકમ ઉઘરાવાનો "ટાર્ગેટ" પૂરો કરવાનો હોય તેવી પોલીસની વર્તણૂકથી નાગરિકો ચિંતિત

ગાંધીનગર, તા.૭
રાજયમાં કોરોના સંક્રમણના કેસો વધતાં સરકારની કામગીરી પર સવાલ ખડા થઈ રહ્યા છે અને તેમ છતાં નેતાઓ પોતે સરેઆમ એપેડેમીક એક્ટ અને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી રહ્યા છે તેમ છતાં સરકાર તેમના સામે કોઈ પગલાં ભરતી નથી અને માસ્કના નામે સરકારે દંડ વસૂલીના મોટા આંકડા દેખાડવા પોલીસને જાણે ટાર્ગેટ આપી તેવી સ્થિતિ પાટનગરમાં જોવા મળી રહી છે. શહેરમાં માસ્કના નામે દંડ ઉઘરાવવાની પાવતી બૂકો લઈને ફરતા પોલીસકર્મીઓ જાણે "છીંડે ચડ્યો એ જ ચોર"ની નીતિ અપનાવી બરાબર માસ્ક પહેર્યો હોય તેવી વ્યક્તિઓ પાસેથી પણ યેનકેન પ્રકારે ધમકાવી દંડ વસૂલી રહ્યા છે જેના કારણે પ્રજામાં ફડક ઊભી થવા પામી રહી છે.

આજે શહેરના ચ-રોડ પર નીકળેલી પોલીસની એક ગાડીમાં બેઠેલા પોલીસકર્મીઓ દ્વારા જે હાથમાં આવ્યું એની પાસેથી દંડ લેવો તેવી રીતરસમ અજમાવીને એક નાસ્તાની લારી ચલાવતા શ્રમજીવી યુવક પાસેથી તેણે બરાબર માસ્ક પહેર્યું હોવા છતાં "તે માસ્ક નાક નીચે પહેર્યું છે" જેવો આરોપ મૂકીને દંડ ભરવા આદેશ કર્યો હતો. આ જોઈ આસપાસમાં હાજર નાગરિકોએ પણ પોલીસકર્મીને જણાવ્યુ કે "સાહેબ એણે માસ્ક બરાબર પહેર્યું છે તો શું કામ ખોટો દંડ કરો છો?" તેમ છતાં પોલીસકર્મીએ ધરાર રૂ.૧ હજારનો દંડ વસૂલ કર્યો હતો જે મહેનત મજૂરી કરીને માંડ પેટિયું રળી લેતા યુવકે કમને ચૂકવ્યો હતો. આમ પોલીસે જાણે દંડ વસૂલીનો આંકડો દેખાડવાનો હોય તેવી રીતે નિર્દોષ પ્રજાને દંડવાનું શરૂ કર્યું છે અને એજ પોલીસ નેતાઓ જ્યારે કાયદાનો સરેઆમ ભંગ કરે છે ત્યારે ક્યાં ખોવાઈ જાય છે તેજ ખબર પડતી નથી. આ ઘટના સમયે હાજર એક અગ્રણી નાગરિક દ્વારા શહેરના મેયર અને ડેપ્યુટી મેયરને પણ જાણ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા દંડ વસૂલી કરવાના નામે નિર્દોષ પ્રજાને હેરાનગતિ કરવાનું બંધ કરે તે માટે પોલીસખાતામાં રજૂઆત કરવા અનુરોધ કર્યો છે.

# જિલ્લા પંચાયત પાસે યુવકના ગળામાંથી સોનાનો દોરો લુંટી લેનાર બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૭
ગાંધીનગર શહેરમાં ભરબપોરે જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ પાસેથી પખવાડીયા પહેલા ગાડીમાં સવાર યુવકના ગળામાંથી સોનાનો દોરો લુંટી લેનાર બે શખ્સોને સેકટર-૨૧ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે યુવકો પાસેથી બાઈક કબ્જે કરી રૂ.૭૭ હજારનો સોનાનો દોરો રીકવર કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ જ ટાઈપ ખાતે રહેતા ૨૩ વર્ષિય યુવક વિવેક જયપ્રકાશ મહેતા ગત તા.૨૫ નવેમ્બરના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં ગાડી લઈને ઘર તરફ આવી રહ્યો હતો. તે સમયે જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ નજીક બાઈક લઈને આવેલા બે શખ્સોએ ગાડી ઉભી રખાવી હતી. યુવકે વાત કરવા માટે કાચ ઉતાર્યો તે સમયે એક શખ્સે તેની ફેંટ પકડી લીધી હતી. જેથી તેને છોડાવવા જતા બીજા શખ્સે ગળામાંથી સોનાની ચેઈન લુંટી લીધી હતી. યુવક કંઈ કરે તે પહેલા બંને શખ્સો એ બાઈક લઈને ચ-૫ તરફ



દોડાવી દીધુ હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યોએ માર્ગ પરથી સીસીટીવીના ફુટેજ ચેક કરીને બાઈકનો નંબર અને આરોપીઓનો દેખાવ આઈડેન્ટીફાય કરી લીધો હતો. આ સમય દરમિયાન એએસઆઈ રાજદીપસિંહ અને હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને આરોપી અંગે બાતમી મળી હતી. જેને પગલે સેકટર-૨૧ પોલીસે વાવોલના પ્રદિપસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉં.૩૦ રહે, એફ ૩૦૧ સંગાથ લાઈફ) અને સેકટર-૭ ના કાચા છાપરામાં રહેતો મેહુલ તળશીભાઈ શીરેસીયા (ઉં.૨૦) હોવાનું ધ્યાને આવ્યું હતું. યુવકો પાસેથી પોલીસે ગુનામાં ઉપયોગમાં લીધેલ બાઈક નં.જી.જે.૧૮.ડી.સી.-૪૨૫૭ નંબરનું બાઈક જપ્ત કર્યું હતું. જયારે આરોપીઓએ લુંટી લીધેલા રૂ.૭૭ હજારનો સોનાનો દોરો રીકવર કરવા તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી પ્રદિપસિંહ જાડેજા ઝુંડાલ પાસે કારમાંથી વિદેશી દારુની ૧૬૮ બોટલ સાથે ઝડપાયો હતો.જયારે કાર પર વિજીલન્સ અને પોલીસના ખોટા બોર્ડ માર્યા હતા.જયારે ગાડી પર ટ્રેકટરનો નંબર ચીપકાવ્યો હતો.

# લવારપુર બ્રિજ પાસે ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માત : વૃધ્ધાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭
ચિલોડાથી નરોડા જતા માર્ગ પર લવારપુર બ્રીજ નજીક ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ડમ્પર ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર બન્ને નીચે પટકાયા હતા. આ સમયે બાઈક પાછળ બેઠેલા વૃધ્ધાના શરીર પર ડમ્પરનું ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ વૃધ્ધાનું મૃત્યું નિપજયું હતું. જયારે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક બનાવ સ્થળે પહોંચીને ઈજાગ્રસ્તને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે અજાણ્યા ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સાબરકાંઠાના સોનાસણના વતની રમેશભાઈ સોમાભાઈ વાણીયા (ઉં.૬૪ રહે. જય-રઘુવીર સોસાયટી) અમદાવાદ સૈજપુર બોઘા ખાતે રહે છે. ગતતા.૨૮ નવેમ્બરના રોજ તેઓ પત્ની હંસાબેન સાથે વતન ગયા હતા. રવિવારના રોજ સાંજના સુમારે તેઓ બાઈક લઈને વતનથી અમદાવાદ આવવા માટે નીકળ્યા હતા ત્યારે સાંડા પાંચ વાગ્યાના સુમારે મોટા ચિલોડાથી અમદાવાદ તરફ જવાના માર્ગ પર પસાર થતા હતા. તે સમયે લવારપુર બ્રીજ પર પડેલા બેરીકેટસ ઓળંગીને તેઓ આગળ જવા માટે બાઈક વળાવી હતી. તે સમયે અચાનક માતેલા સાંઢની જેમ ચિલોડા તરફથી આવતા ડમ્પરે બાઈકને ટક્કર મારી હતી. આ બનાવને પગલે દંપતિ માર્ગ પર પટકાતા ઈજા પહોંચી હતી. જેમાં મહિલાના શરીર પરથી ડમ્પરનું પૈડુ ફરી વળ્યુ હતું. જયારે રમેશભાઈને હાથ અને પગના ભાગે ઈજા થઈ હતી. બનાવને પગલે ૧૦૮ ને કોલ કરતા આવી પહોંચીને તપાસીને હંસાબેનને મૃત્યું જાહેર કર્યા હતા. જયારે મૃતકના પતિએ ફરાર ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સે-૨૪ ખાતે માસ્ક વિનાના યુવકને દંડ ભરવાનું કહેતા યુવક ઉશ્કેરાયો

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માસ્ક અને વાહન ચેકીંગની ડ્રાઈવ ચાલી રહી છે. આ ડ્રાઈવ અન્વયે એલસીબી-૨ નો સ્ટાફ રવિવારના રોજ સેકટર-૨૪ ખાતે પેટ્રોલીંગમાં હતો તે સમયે સેકટર-૨૪ ખાતે સાજના સુમારે અંબાજી માતાના મંદિર નજીક એક શખ્સ માસ્ક વિના જોવા મળતા પોલીસે તેને દંડ ભરવા માટે જણાવતા તે યુવક ઉશ્કેરાઈ ગયો હતો. યુવકે જોર જોરથી બુમો પાડીને "દંડ નહી ભરુ અને બીજા કોઈની પાસેથી પણ દંડ વસુલ કરવા દઈશ નહી" તમારાથી થાય તે કરી લો કહીને પોલીસને ધમકી આપી હતી. જેથી પોલીસે તેનું નામ પુછતા તે સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી પ્લોટ નં.૧૮-૨ ખાતે રહેતા દુષ્યંતસિંહ રામસિંહ રાઓલ હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ફરજમાં રૂકાવટ અને નાગરીકોને એકઠા કરવા બદલ એપેડેમીક ડિસિઝ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરના પૂર્વ જિલ્લા વિકાસ અધિકારીની પુત્રી એડિશનલ કલેક્ટર બનતા સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૭
ગાંધીનગરના પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી એન.આર.પંડ્યાની સુપુત્રી અને પાટણ ખાતે ડેપ્યુટી ટીડીઓ તરીકે ફરજ બજાવતા રીટાબેન પંડ્યાને એડિશનલ કલેક્ટર તરીકે પ્રમોશન પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે ગુરુ બ્રાહ્મણ સમાજના કલાકારોએ તેમનું ઘરે જઈને સન્માન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના પિતા સનદી અધિકારી હોવાથી તેમણે દીકરીને ઉચ્ચ અધિકારી બનવા પ્રેરિત કરવા સાથે જરૂરી માર્ગદર્શન અને શિક્ષણ આપીને તૈયારીઓ પણ કરાવતા હતા.

સમસ્ત ગુરુ બ્રાહ્મણ સમાજનું ગૌરવ અને સમગ્ર નારીશકિતને પ્રેરણારૂપ એવા બળોલ(ભાલ)ના મૂળ વતની રીટાબેન એન.પંડયાને એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન મળવા બદલ તા. ૬ઠ્ઠી ડિસેમ્બર રવિવારના રોજ ગુરુ બ્રાહ્મણ સમાજના "સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપ"ના નામાંકિત કલાકારો જેમાં ચાંદખેડાના વરિષ્ઠ કલાકાર પ્રભુદાસ દવે, અમદાવાદના બ્રહ્માણી આર્ટ એન્ડ એસ. કુમાર ગ્રૂપના અરવિંદભાઈ શ્રીમાળી, લોક ગાયકો દિપકભાઈ તપોધન અને નગીનભાઈ તપોધન, ચાંદખેડાના ઉદય ફિલ્મ પ્રોડકશનના માલિક નવનીતકુમાર, રાધનપૂરના ભજન સમ્રાટ કનુભાઈ પરમાર, પાલનપુરના લોકસાહિત્યકાર સુરેશ ચોરાસીયા, વાડજના લોકગાયક અને ગીતકાર છાયંકભાઈ વાઘેલા, પાલનપુરના સામાજિક કાર્યકર સંતોષભાઈ ડોડીયા વગેરેએ તેમના અમદાવાદના પ્રગતિનગર ખાતેના નિવાસસ્થાને જઈ રીટાબેન પંડયાનું ટ્રોફી અને બુકે આપી સન્માન કર્યું હતું તેમજ એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ તેમણે સાથે રીટાબેન પંડયાના પિતા નિવૃત કલેકટર એન.આર.પંડયાને ગૃપ વતી બુકે આપી તેમનું સન્માન કર્યું હતું. આ સાથે "સાત સુરો કા બહેતા દરિયા ગ્રુપ"ના સંચાલક અને ઉદય ફિલ્મ પ્રોડકશનના ઓનર નવનીત કુમારની ગૃપ માટેની વર્ષ દરમ્યાનની કામગીરી ધ્યાનમાં રાખી સમસ્ત ગૃપ દ્વારા એડીશનલ કલેકટર રીટાબેન પંડયાના હસ્તે ટ્રોફી અપાવી નવનીતકુમારનું સન્માન કરી તેમને સરપ્રાઈઝ આપી હતી.

# શહેર વસાહત મહામંડળ આકરી ઠંડીમાં ગરીબોને ધાબળાનું વિતરણ કરશે

## નાગરિકોને સહાય આપવા માટે મહામંડળના પ્રમુખ અરૂણ બુચની અપીલ

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા બે દાયકાથી શિયાળાની કડકડતી ઠંડીમાં ગરીબોને ધાબળાનુ વિતરણ કરવામાં આવે છે. જયારે અત્યાર સુધી સંસ્થા દ્વારા ૭૫ હજાર જરૂરિયાતમંદોને ધાબળાનુ વિતરણ કરાયુ છે. આ વર્ષે પણ ઠંડીના દિવસોમાં ગરીબોને ધાબળા વિતરણ માટે અભિયાન હાથ ધરાશે મહામંડળ દ્વારા આ સેવાકાર્યમાં નાગરિકોને સહાય આપવા માટે અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ મહામંડળ દ્વારા વર્ષ ૧૯૯૧થી શ્રમિકોને ગરમ કપડાનુ વિતરણ કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જયારે અત્યાર સુધી અંદાજિત ૭૫ હજાર જરૂરિયાતમંદોને ગરમ કપડાનુ વિતરણ કરવામાં આવ્યુ છે. જયારે ચાલુ વર્ષે પણ શહેર વસાહત મહામંડળ દ્વારા ગરીબોને શિયાળાની કડકડતી ઠંડીમાં ગરમ ધાબળાનુ વિતરણ કરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ અભિયાનમાં નગરજનો પણ આર્થિક સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી છે. આ સેવાકાર્યમાં જે નાગરિકો પોતાનો ફાળો આપવા ઈચ્છતા હોય તેમણે મહામંડના પ્રમુખ અરૂણ બુચ સે-૨૦, કિલ્લોલ દવે સે-૧, ભાનુભાઈ દવે સે-૨, શશીકાંત મોઢા અને કશ્યપ મહેતા સે-૪, આર એચ ઘામેચા સે-૪ સી, નિલેન્દુ વોરા સે-૫ એ, જયેશભાઈ સે-૫ એ, મયુર વ્યાસ સે-૭ ડી, ચંદ્રકાન્ત જોષી, સે-૭ એ, શિવાભાઈ પટેલ સે-૭ એ, બી એ શુક્લ સે-૮ સી, સુર્યકાન્ત બારોટ સે-૮, ચંદુજી ઠાકોર ફતેપુરા, સે-૨૧ જય અંબે જવેલર્સ, સે-૧૪ મહેન્દ્ર ચૌહાણ, સે-૨૦ ડો ચેતના બુચ, સે-૨૨ તુષાર ધનેશ્વર, સે-૨૨ એમ સી નાયક, સે-૨૩ સુધીર દેસાઈ, ડો પી ડી પટેલ સે-૨૭, સે-૨૬ સુનીલ શાહ, સે-૩૦ કિશોર જીકાદરા, બારીજ ભરત દિક્ષિત, કુડાસણ પ્રદિપ સોલંકી, સીતારામ પટેલ કુડાસણ, જનક રાવલસે-૨૭ કરસન પરમાર સે-૨૩ અને સે-૨૮ માં નિસર્ગ બુચનો સંપર્ક કરવા જણાંવાયુ છે.



શહેરમાં સોમવારે કાલભૈરવ જયંતિની ઉજવણી અનેક શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક કરી હતી. આ પ્રસંગે હવે ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ ગામ ખાતે શ્રી મહાકાળી માતાના મંદિરના પ્રાંગણમાં સ્થિત શ્રી કાલભૈરવના મંદિરે હવનનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યજમાનપદે અગ્રણી રાકેશભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા. હવન કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર મર્યાદિત શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં સંપન્ન કરવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●
- સ્વ. અગરસિંહ કરશનસિંહ ગોહિલ, ઉ.વ. ૭૯, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. દમયંતિબેન ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૬૨, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. પુષ્પાદેવી બાબુલાલ ગુલેછા, ઉ.વ. ૫૩, કલ્યાણપુરા, બાડમેર, રાજસ્થાન
- સ્વ. રાણા ઘનશ્યામસિંહ ભારથુસિંહ, ઉ.વ. ૬૧, નવા ધરમપુર, તા. ગાંધીનગર
- સ્વ. શારદાબેન માણેકલાલ પટેલ, ઉ.વ. ૮૬, રાયસણ, તા. ગાંધીનગર
- પટેલ આત્મારામ ખોડીદાસ, ઉ.વ. ૮૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કેશાભાઈ જીવણભાઈ પટેલ, ઉ.વ. ૭૧, સાંપા, તા. દહેગામ
- સ્વ. રામચંદાણી દિનેશ ઉત્તમચંદ, ઉ.વ. ૪૭, કુબેરનગર, અમદાવાદ
- સ્વ. દિલીપ નારાયણલાલ ભટ્ટ, ઉ.વ. ૭૧, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. કુંવરબેન ત્રિભોવનદાસ ગોહિલ, ઉ.વ. ૭૬, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. પટેલ ચંદ્રકાન્તભાઈ માધવલાલ, ઉ.વ. ૪૨, લોદરા, તા. માણસા, ગાંધીનગર
- સ્વ. ઈશ્વરજી રણમલજી રાણા, ઉ.વ. ૪૦, સે-૨૪, છાપરાં, ગાંધીનગર
- સ્વ. ચૌધરી મણીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૮૦, સમો, તા. માણસા
- સ્વ. ઠાકોર ધોળાજી માધાજી, ઉ.વ. ૪૯, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પ્રકાશચંદ્ર મીઠુભાઈ પટેલ, ઉ.વ. ૫૦, ચરાડા, તા. માણસા

● રુદ્રભૂમિ અંતિમધામ ●
- સ્વ. વિઠ્ઠલભાઈ બેચરદાસ પટેલ, ઉ.વ. ૭૮, લોદરા, તા. માણસા
- સુથાર લાભુબેન ભગાભાઈ, ઉ.વ. ૬૦, સુરેલ, તા. પાડડી, સુરેન્દ્રનગર
- સ્વ. પ્રજાપતિ નરસિંહભાઈ ત્રીકમભાઈ, ઉ.વ. ૬૬, તલોદ, જી. સાબરકાંઠા
- સ્વ. શણગારબા સુખાજી વાઘેલા, ઉ.વ. ૭૯, સરગાસણ, તા. ગાંધીનગર
- સ્વ. વિલાસીની ગોપીનાથ નાયર, ઉ.વ. ૬૭, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. પટેલ બાબુભાઈ પરસોત્તમદાસ, ઉ.વ. ૬૫, જામળા, જી. ગાંધીનગર
- સ્વ. કનકતારાબેન નટવરલાલ શાહ, ઉ.વ. ૮૪, એલીસબ્રિજ, અમદાવાદ
- સ્વ. પટેલ શામળભાઈ સોમાભાઈ, ઉ.વ. ૮૨, સેકટર-૨૫, ગાંધીનગર